*Go on aspiring and the necessary progress is bound to come.*
*With my blessings*

Go on aspiring and the necessary progress is bound to come.

With my Blessings
- The Mother

અભીપ્સા કરતા રહો અને જે પ્રગતિ થવી જોઈએ તે જરૂર થશે.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

*Let the Consciousness work in you and through you and everything will become all right*
*with my blessings*

Let the consciousness work in you and through you and everything will become all right.

With my Blessings
- The Mother

ચેતનાને તમારામાં અને તમારા દ્વારા કામ કરવા દો અને બધું જ બરાબર થઈ રહેશે.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

*Let the Divine Consciousness be the leading power in your life.*
*With my blessings*

Let the Divine Consciousness be the leading power in your life.

With my Blessings
- The Mother

તમારા જીવનમાં તમને દોરનારી શક્તિ દિવ્ય ચેતના જ હો.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

Mantras of the Mother - 7,10,22 April 1954 / શ્રી માતાજીના મંત્રો - ૭,૧૦,૨૨ એપ્રિલ ૧૯૫૪

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • January 2018

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2018**
JANUARY
૧ જાન્યુઆરી, ૨૦૧૮

## Divine Presence ... Divine Consciousness
## પ્રભુની હાજરી ... પ્રભુની ચેતના

*Let the Divine Presence be always with you.*
*my blessings*

Let the Divine Presence be always with you.

My blessings
- The Mother

પ્રભુની હાજરી હમેશાં તમારી સાથે રહો.

મારા આશીર્વાદ
- શ્રી માતાજી

Mantras of the Mother - 27 April 1954 / શ્રી માતાજીના મંત્રો - ૨૭ એપ્રિલ ૧૯૫૪

**O THOU,** sole Reality, Light of our light and Life of our life, Love supreme, Saviour of the world, grant that more and more I may be perfectly awakened into the awareness of Thy constant presence. Let all my acts conform to Thy law; let there be no difference between my will and Thine. Extricate me from the illusory consciousness of my mind, from its world of fantasies; let me identify my consciousness with the Absolute Consciousness, for that art Thou.

Give me constancy in the will to attain the end, give me firmness and energy and the courage which shakes off all torpor and lassitude.

Give me the peace of perfect disinterestedness, the peace that makes Thy presence felt and Thy intervention effective, the peace that is ever victorious over all bad will and every obscurity.

Grant, I implore Thee, that all in my being may be identified with Thee. May I be nothing else any more than a flame of love utterly awakened to a supreme realisation of Thee.

- The Mother

February 15, 1914*
Prayers and Meditations

**પ્રભુ,** અનન્ય વાસ્તવિકતા, પ્રકાશોના પ્રકાશ અને જીવનના જીવન, જગતના પરમ ઉદ્ધારક પ્રેમ, મારી પ્રાર્થના છે કે તારા અખંડ સાંનિધ્યની સભાનતા પ્રત્યે હું વધુ ને વધુ સંપૂર્ણ રીતે જાગૃત બનું. મારાં સર્વ કર્મો તારા નિયમ પ્રમાણે થતાં રહો; મારી સંકલ્પશક્તિ અને તારી સંકલ્પશક્તિ વચ્ચે લેશ પણ તફાવત ન રહો. મારા મનની ભ્રામક ચેતનામાંથી, એની તરંગોની દુનિયામાંથી મને બહાર કાઢ; મારી ચેતનાને પરમ ચેતના સાથે એકરૂપ કરી લેવા દે, કારણ તું જ એ પરમ ચેતના છે.

તું મને ધ્યેય સિદ્ધ કરવા માટેની સંકલ્પશક્તિમાં સ્થિરતા આપ, એવી દૃઢતા, શક્તિ અને હિંમત આપ જે સર્વ જડતા અને શિથિલતાને ખંખેરી દૂર કરે.

તું મને સંપૂર્ણ અનાસક્તિની શાંતિ આપ, એ શાંતિ જે તારા સાંનિધ્યનો અનુભવ કરાવે છે અને તારા હસ્તક્ષેપને સફળ બનાવે છે, એ શાંતિ જે બધી અશુભ ઇચ્છા ઉપર અને બધા જ અંધકાર ઉપર હંમેશાં વિજયી બનતી હોય છે.

પ્રભુ, તને હું વિનંતી કરું છું, મારા સ્વરૂપનું સર્વ કાંઈ તારી સાથે એકરૂપ બની જાઓ. તારા પરમ સાક્ષાત્કાર માટે સંપૂર્ણ સજાગ બનેલા પ્રેમની એક મશાલ માત્ર હું બની રહું.

- શ્રી માતાજી

૧૫ ફેબ્રુઆરી ૧૯૧૪*
પ્રાર્થનાઓ અને ધ્યાન